# ગાંધીનગરમાં મૃત પશુઓ માટે છેલ્લા ૨૦ વર્ષથી જગ્યા ફાળવાઈ નથી

## જાહેર આરોગ્ય જોખમાતા મેવાએ તંત્ર સમક્ષ રજુઆત કરી

ગાંધીનગર, તા. ૨

રાજ્યના પાટનગરમાં મૃત્યુ પામેલા ઢોરોનો નિકાલ કરવા છેલ્લા ૨૦ વર્ષથી યોગ્ય જગ્યાની ફાળવણી કરવામાં આવી ન હોવાથી મૃત ઢોરોને કોઈ પણ કચરાપેટી કે કન્ટેનરમાં ફેકી દેવામાં આવે છે. જેને પગલે પાટનગર વાસીઓના આરોગ્ય પર ખતરો ઉભો થવા પામ્યો છે. મરેલા ઢોરોના નિકાલ માટે ચોક્કસ જગ્યાની ફાળવણી કરવા મુસ્લિમ એજ્યુકેશન એન્ડ વેલફેર એસોસિએશન ગાંધીનગર (મેવા) દ્વારા મહાનગરપાલિકાના કમિશનરને લેખિત રજૂઆત કરવામાં આવી છે.

મૃત પશુઓના નિકાલ માટે જગ્યાની વ્યવસ્થા નથી ત્યારે તંત્ર પાસે આવા મૃત પશુઓના નિકાલ માટે જાણે વાહનની પણ વ્યવસ્થા ન હોય તેમ તંત્ર દ્વારા કર્મચારીઓને મરેલા ઢોરો ખસેડવા સાઈકલ લઈને મોકલી દેવાય છે. તો બીજી તરફ સેકટર-૨૨માં આ હેતુ માટે ફાળવવામાં આવેલી રીક્ષા ધુળ ખાઈ રહી છે. મરેલા ઢોરોના નિકાલ માટે પણ છેલ્લા ૨૦ વર્ષથી યોગ્ય વ્યવસ્થા ગાંધીનગરમાં ન હોવાથી નાગરીકોના આરોગ્ય જોખમાય તેવી સ્થિતિ ઉદ્ભવી છે જેને પગલે મેવા દ્વારા તંત્રને યોગ્ય રજુઆત કરવામાં આવી છે. હવે જોવું રહ્યું કે કરવામાં આવેલી રજુઆતને ધ્યાને લેવાય છે કે કરવામાં આવેલી અરજીનું કાગળ ફાઈલમાં ઠાંસીને આમે આમની ફાઈલ અભેરાઈએ ચડાવી દેવાય છે.



વસાહત મહામંડળ અને વાહન વ્યવહાર વિભાગ દ્વારા ચાલી રહેલ માર્ગ સલામતી સપ્તાહ નિમિત્તે આજે ગાંધીનગર ખાતે રીક્ષાચાલકો મેડીકલ ચેકઅપ કરવામાં આવ્યો હતો તે પ્રસંગની તસવીર. (તસવીર : દિપક જાની)

# ઠંડીથી રક્ષણ મેળવવા તાપણું કરતી પરિણીતા ગંભીર રીતે દાઝી

## સે. ૧૩ની પરિણીતાને ગંભીર હાલતમાં અમદાવાદની હોસ્પિટલમાં ટ્રાન્સફર કરાઈ

ગાંધીનગર, તા. ૨

પાટનગરમાં બે દિવસથી ઠંડીએ ચમકારો બતાવ્યો છે ત્યારે ગઈકાલે સેક્ટર-૧૩ના છાપરા વિસ્તારમાં ઠંડીથી બચવા તાપણું કરીને હુંફ મેળવી રહેલી પરિણીતાને કપડાં પર ઝાર લાગી જતાં શરીરે દાઝી જવા પામી હતી. ખાનગી હોસ્પિટલમાં સારવાર લીધા બાદ ગાંધીનગર સિવિલ હોસ્પિટલ લઈ જવામાં આવ્યા બાદ તેણીની હાલત નાજુક જણાતાં અમદાવાદ સિવિલ હોસ્પિટલ વધુ સારવાર અર્થે ખસેડવામાં આવી છે. સે. ૭ પોલીસે આ બનાવ અંગે ગુનો નોંધી બનાવની તપાસ શરૂ કરી છે.

ગઈકાલે પડેલી ઠંડીથી રક્ષણ મેળવવા માટે ગાંધીનગર શહેરના સેક્ટર-૧૩ છાપરા વિસ્તારમાં રહેતા ૩૧ વર્ષિય પરિણીતા મંજુલાબેન ચમનભાઈ દંતાણી તાપણુ કરી રહ્યા હતા. તાપણુ કરતાં કરતાં એકાએક તેમના કપડાએ આગ ખેંચી લેતા શરીરે ભડકો થવા લાગ્યો હતો. બુમાબુમ થતાં આસપાસના લોકો ત્યાં દોડી આવ્યા હતા. અને દાઝી ગયેલી પરિણીતાને સારવાર માટે ગાંધીનગરની ખાનગી હોસ્પિટલમાં લઈ ગયા હતા. ત્યાંથી ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા બાદ હાલત ગંભીર જણાતાં અમદાવાદ ટ્રાન્સફર કરવામાં આવ્યા હતા. દાઝી ગયેલી પરિણીતા હાલ અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં જીવન-મરણ વચ્ચે ઝોલા ખાઈ રહી છે. સેક્ટર-૭ પોલીસે આ સંદર્ભે ગુનો નોંધી પી.એસ.આઈ. વી.યુ. ગાડરીયાએ તપાસ શરૂ કરી છે.

# 'ગ' માર્ગ પર સ્ટોર્મ વોટરની ચેમ્બરોનું રીપેરીંગ હાથ ધરાયું

## વાઈબ્રન્ટ પૂર્વે ખુલ્લી અને તુટી ગયેલી ચેમ્બરોને ઢાંકણ લાગશે

ગાંધીનગર, તા.૨

વાઈબ્રન્ટ સમિટને લઈ સમગ્ર શહેરને વાઈબ્રન્ટ લૂક આપવા તંત્રએ કવાયત હાથ ધરી છે. શહેરના માર્ગોની રોનક નિખારવા સુધારણા અને સફાઈના વિવિધ કામો હાથ ધરાયા છે. નગરના 'ગ' માર્ગ ઉપર પણ ખુલ્લી અને તુટી ગયેલી સ્ટોર્મ વોટરની ચેમ્બરોનું સમારકામ હાથ ધરવામાં આવ્યું છે.

વાઈબ્રન્ટ સમિટના વધામણા વેળા પાટનગરને નવા શણગારથી સજાવાઈ રહ્યું છે. વાઈબ્રન્ટ લૂક આપવા તંત્રની ટીમ કામે લાગી છે. શહેરના માર્ગો, સર્કલો, ઉદ્યાનો ઝાડી વિસ્તાર પર સફાઈ કામગીરી ચાલી રહી છે. વાઈબ્રન્ટને અનુલક્ષી પ્રવેશદ્વારનો ગેટ અપ બદલવા પણ ગતિવિધિઓ ચાલી રહી છે. આ ઉપરાંત શહેરના 'ગ' માર્ગ પર સ્થિત સેન્ટ્રલ વર્જમાં પણ સફાઈના અંતે પ્લાન્ટેશન કરવામાં આવ્યું છે.

વાઈબ્રન્ટ સમિટ પૂર્વે માર્ગોના સેન્ટ્રલ વર્જને નિખારવા વિવિધ પ્રકારના પ્લાન્ટેશન લગાવવામાં આવી રહ્યા છે. જયારે 'ગ' માર્ગ પર ભયજનક લાગતી સ્ટોર્મ વોટરની ખુલ્લી ચેમ્બરોને ઢાંકણ લગાવવા સહિત સમારકામ પણ શરુ કરી દેવાયું છે. સૂત્રોના જણાવ્યા અનુસાર હાલના તબક્કે સ્ટોર્મ વોટરની ખુલ્લી અને તુટી ગયેલી ચેમ્બરોનું સમારકામ કરી ફીટ કરવામાં આવશે. જયારે આગામી ટૂંક સમયમાં માર્ગ વચાળે સ્થિત આ ચેમ્બરો ફુટપાથ સાઈડ કરી દેવાશે વધુમાં વાહનોની અવર જવરથી આ ચેમ્બરોમાં ગાબડા અસ્તિત્વમાં ન આવે તે માટે બંધ કરી દેવાશે. આ કામગીરી પાછળ રૂ. ૩૨ લાખનો ખર્ચ થવાનો અંદાજ છે. આ મામલે ટેન્ડર પ્રક્રિયા પણ પૂર્ણ કરી દેવાઈ છે. આગામી દિવસોમાં વર્ક ઓર્ડર પણ આપી દેવાશે.

# ધમાસણા વિજય હનુમાન ખાતે પંચ દિવસીય પારાયણનું આયોજન

ગાંધીનગર, તા. ૨

કલોલ તાલુકાના ધમાસણા સ્થિત શ્રીવિજય હનુમાન આશ્રમ ખાતે આગામી તારીખ ૮ જાન્યુઆરીથી તારીખ ૧૨મી જાન્યુઆરી સુધી પંચ દિવસીય પારાયણનું આયોજન કરવામાં આવ્યું છે. આ પારાયણમાં પરમાચાર્ય કલિયુગના સમસ્ત પાપ તાપ સંતાપથી મુક્તિ અપાવનારા ભક્તો ઉપર કૃપા કરવા હંમેશા તત્પર અંજની નંદન મહાવીર શ્રી હનુમંત ગાથાનું વિસ્તૃત વૈજ્ઞાનિક અને માર્મિક જ્ઞાનવર્ધક ભક્તિ પ્રદાયીની ઉપર વ્યાખ્યાન શ્રી શ્રદ્ધેય સંતશ્રી બૈદેહી શરણજી (દંડીબાપુ)ના મુખેથી રસપાન કરાવવામાં આવશે. આ કથાના ઉદ્ઘાટન તરીકે પપુ.મ.મં. સ્વામી રામમનોહરદાસજી (સત્યનારાયણ મંદિર કલોલ) ઉપસ્થિત રહેશે.



શહેરના વિકસિત સર્કલોને વાઈબ્રન્ટ લૂક આપવા જાળવણીનું કામ શરૂ કરી દેવાયું છે. સર્કલોના મરામત અને સુશોભનની કામગીરી ખાનગી સંસ્થાઓને સોંપવામાં આવી છે. પરંતુ ઘ-૬ના સર્કલની કંગાળ હાલતમાં સુધાર લાવવા કોઈ ગતિવિધિઓ હાથ ધરવામાં આવી નથી. છેલ્લા કેટલાક સમયથી જાળવણીના અભાવે સર્કલે આકર્ષણ ગુમાવી દીધુ હોવાનું ચિત્ર ઉપસી આવ્યું છે. (તસવીર : દિપક જાની)

# ચિલોડા-પ્રાંતિજ વચ્ચેના નેશનલ હાઈવેની દુર્દશાથી વાહનચાલકોમાં ભારે આક્રોશ

## તગડો રોડ ટેક્ષ અને ટોલટેક્ષ ઉઘરાવતા તંત્રની સુવિધા પુરી પાડવા બાબતે ઘોર ઉદાશીનતા

ચિલોડા, તા. ૨

ચિલોડાથી આબુ-દિલ્હી જતાં નેશનલ હાઈવેમાં ચિલોડા અને પ્રાંતિજ વચ્ચેના માર્ગની હાલત બડતર બની બેઠી છે. છેલ્લા બે વર્ષથી જૈસે થે સ્થિતિમાં પડી રહેલા આ હાઈવે ઉપર તંત્રએ કોઈ જ મરામત હાથ ન ધરતાં તંત્રની બેફિકરાઈ ઉપર વાહન ચાલકોએ ફિટકાર વરસાવ્યો છે. વાહનચાલકો પાસેથી અગાઉથી જ ઉઘરાવાતાં રોડટેક્ષ અને ટોલટેક્ષ ખરેખર માર્ગો ઉપર વપરાય છે કે કેમ ? તેની સામે પ્રશ્નાર્થ ઉભા થયા છે.

નેશનલ હાઈવે નં. ૮ ઉપર તંત્ર દ્વારા સુચનો મુકતાં બોર્ડ મુકવામાં સહેજ પણ કચાશ નથી રખાતી પરંતુ માર્ગની હાલત પ્રત્યે ઘોર ઉપેક્ષા થતી હોવાનું લાગી રહ્યું છે. ચિલોડા-પ્રાંતિજ નેશનલ હાઈવે નં. ૮ના માર્ગની હાલત હાડપિંજર જેવી થઈ ગઈ છે. છતાં તંત્ર દ્વારા કોઈ જ સુધારણા થતી નથી અને વાહનચાલકો આ માર્ગથી ત્રાસી ઉઠ્યા છે.

આ હાઈવેના ૩૦ કિલોમીટર જેટલા માર્ગ વચ્ચે અસંખ્ય ખાડા પડી ગયા છે. ફોરલેન માર્ગ ફક્ત હાલમાં ટુલેન માર્ગ બની ગયો છે. વાહનો વચ્ચેના અકસ્માતોની સંખ્યામાં પણ આ બે વર્ષમાં જંગી વધારો જોવાયો છે. માર્ગની હાલત એટલી હદે ખરાબ છે કે બહારના રાજ્યમાંથી આવતા લોકો ગુજરાત રાજ્યની વિકાસની વાતો બાબતે શંકા કરવા લાગે છે.

આ માર્ગ ઉપર પ્રસિદ્ધ અંબાજી માતાનું મંદિર ગિયોડ પણ આવે છે જ્યાં દૈનિક તેમજ પૂનમે અસંખ્ય લોકો દર્શનાર્થે ઉમટી પડે છે. જેઓ પણ માર્ગની હાલતથી નિશાસા નાખી રહ્યા છે. રોડ ટેક્ષ અને ટોલટેક્ષ ઉગરાવવામાં તંત્ર સહેજ પણ કચાશ રાખતું નથી.જ્યારે વાહન ચાલકોને સુવિધા આપવામાં ઘોર ઉદાસીનતા છતી થાય છે. દૈનિક હજારો વાહનો પસાર થતાં આ માર્ગને સુવ્યવસ્થિત બનાવવા જલદ માંગ ઉઠવા પામી છે. ત્યારે તંત્ર આ અંગે ત્વરિત નિર્ણય લઈ સમારકામ હાથ નહી ધરે તો વાહનચાલકો દ્વારા રોડ નહી તો ટેક્ષ નહીનો માર્ગ અપનાવશે તેમ જણાવાયું છે.

## સતત ચોથી વાર રાજ્યશાસનનો કાર્યભાર સંભાળવા અંગે મુખ્યમંત્રીનું ગુજરાત પંચાયત પરિષદ દ્વારા શુભેચ્છા અભિવાદન

મુખ્ય મંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીને સતત ચોથીવાર રાજ્યશાસનનો કાર્યભાર સંભાળવા અંગે આજે ગુજરાત રાજ્ય પંચાયત પરિષદના અધ્યક્ષ શ્રી જશવંતસિંહ સોલંકી અને માનદ મંત્રી શ્રી ભરતભાઈ ગાજીપરાના નેતૃત્વમાં રાજ્યની ૨૦ જિલ્લા પંચાયતોના પ્રમુખશ્રીઓએ રૂબરૂ મળીને મુખ્ય મંત્રીશ્રીને શુભેચ્છાઓ અને અભિનંદન પાઠવ્યા હતા.

# સિવિલ સંકુલમાં ખોદકામના અંતે ભયજનક ગાબડા ખતરારૂપ

## મેડીકલ કોલેજના બાંધકામ વિસ્તારમાં ખદબદતી ગંદકી મચ્છર ઉત્પત્તિ સ્થાનો

ગાંધીનગર, તા.૨

સિવિલ હોસ્પિટલના સંકુલમાં આડેધડ ખોદકામના લીધે વાહનચાલકો માટે અકસ્માતનો ખતરો મંડરાયો છે. છેલ્લા બે મહિનાથી માટી પુરાણ થતું નથી. મેડીકલ કોલેજના બાંધકામ વિસ્તારમાં પણ અલબત્ત ગંદકી ખદબદી રહી છે. સિવિલ હોસ્પિટલના સંકુલમાં જ સલામતી અને આરોગ્ય જોખમાય તેવી સ્થિતિ ઉદભવી છે.

આગામી વાઈબ્રન્ટ સમિટને લઈ શહેરની રોનક નિખારવા યુધ્ધના ધોરણે કામગીરી શરુ કરી દેવાઈ છે. આવા સંજોગોમાં શહેરના અન્ય વિસ્તારમાં સ્થિત સિવિલ હોસ્પિટલના સંકુલમાં દર્દીઓ અને મુલાકાતીઓને ડગલે ને પગલે હાલાકી વેઠવી પડે તેવી સ્થિતિ ઉદભવી છે. ખોદકામના લીધે ઠેર ઠેર અસ્તિત્વમાં આવેલા ગાબડા અને ગંદકીયુક્ત વાતાવરણથી નાગરિકો તોબા પોકારી ગયા છે. એડવોકેટ પી.એમ. ગોહીલે આ અંગે રજૂઆતમાં જણાવ્યા અનુસાર સે-૧૨ સ્થિત સિવિલ હોપિટલના કમ્પાઉન્ડમાં ખોદકામ બાદ યોગ્ય માટી પુરાણ કરાયું નથી.

સિવિલમાં પ્રવેશતા જ જમણી બાજુએ મોટા મસ ખાડાઓ અસ્તિત્વમાં આવ્યા છે. શોપીંગ પાસેથી નર્સિંગ હોસ્ટેલ તરફ જતા માર્ગે પણ ખોદકામના લીધે ગાબડાઓ જોવા મળી રહ્યા છે. જયારે શૌચાલય પાસે પણ ખોદકામ બાદ આડેધડ પત્થરોનો ઢગ ખડકી દેવાયો છે. ઉબડ ખાબડ સ્થિતિના લીધે એમ્બ્યુલન્સ અને રીક્ષાઓ પણ સરળતાપૂર્વક પસાર થઈ શકતી નથી.

સંકુલમાં સ્થિત મેડીકલ સ્ટોર્સની આસપાસ પણ ગેરકાયદેસર રીતે હોર્ડીંગ્સ ઉભા કરી દેવાયા છે. જેના લીધે વાહન ચાલકોને મુશ્કેલી વેઠવી પડે છે. ખોદાણના લીધે અસ્તિત્વમાં આવેલા ગાબડાઓનું યોગ્ય પુરાણ નહીં થાય તો ગંભીર અકસ્માત થવાના સંજોગો છે. કોન્ટ્રાકટરોની બેરદરકારીના લીધે સિવિલ સંકુલમાં સલામતી જોખમાઈ છે. મેડીકલ કોલેજના બાંધકામ વિસ્તારમાં પણ ગંદકી ખદબદતા મચ્છર ઉત્પત્તિ સ્થાનો ઉભા થયા છે. દર્દીઓના આરોગ્યને ધ્યાને લઈ આ સઘળી અગવડતા ત્વરિત નિવારવા પણ રજૂઆતમાં જણાવાયું છે.

# બેફામ આવતા મેટાડોરે એક્ટીવાને અડફેટે લેતા યુવતી ઘાયલ

## એક્ટીવા ચાલક યુવતીને હાથે-પગે ફેક્ચર : મેટાડોર મુકીને ચાલક ફરાર

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર નજીક ચિલોડાથી દહેગામ જવાના માર્ગ પરથી એક્ટીવા લઈને પસાર થઈ રહેલી યુવતીને પાછળથી પુર ઝડપે આવી રહેલી મેટાડોરે અડફેટે લઈ લેતા યુવતી એક્ટીવા સાથે ફંગોળાઈને રસ્તા પર પટકાઈ હતી. આ અકસ્માતમાં તેણીને હાથે-પગે ફેક્ચર થઈ જવા પામ્યું છે. તો બીજી તરફ મેટાડોર મુકીને ચાલક ઘટના સ્થળેથી ફરાર થઈ ગયો હતો. ચિલોડા પોલીસે આ અંગે ગુનો નોંધી મેટાડોર ચાલકની શોધખોળ આરંભી છે.

ગાંધીનગર પાસે આવેલા વડોદરા ગામમાં રહેતી યુવતી ઈન્દીરા બાબુજી ઠાકોર આજે સવારના સુમારે એક્ટીવા નં. જીજે-૧૮-સીબી-૭૪૧૯ લઈને દહેગામ-ચિલોડા માર્ગ પરથી પસાર થઈ રહી હતી. તે દરમ્યાન મગોડી પાસેથી નીકળતી નદીના પુલ પાસે તેણીને અકસ્માત નડ્યો હતો. બેફામ ઝડપે આવી રહેલા મેટાડોરના ચાલકે એક્ટીવાને પાછળથી ટક્કર મારતા એક્ટીવા સાથે યુવતી ઢસડાઈ હતી. આ મેટાડોર સાથેના અકસ્માતમાં ઈજાગ્રસ્ત થયેલી યુવતી ઈન્દીરાને ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે હોસ્પિટલ ખસેડવામાં આવી હતી. તેણીને જમણા હાથે અને પગે ફેક્ચર થઈ ગયું છે. અકસ્માત બાદ મેટાડોર ચાલક બનાવ સ્થળ પર જ મેટાડોર મુકીને પલાયન થઈ ગયો હતો. આ બનાવ અંગે યુવતીની ફરીયાદને આધારે ચિલોડા પોલીસે ગુનો દાખલ કરી ફરાર થઈ ગયેલા મેટાડોર ચાલકને ઝડપી પાડવા તજવીજ શરૂ કરી છે.

# એસ. એસ. પટેલ પી.ટી.સી. કોલેજની ઈન્ટર્નશીપ યોજાઈ

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર શહેરના સેક્ટર-૨૩માં આવેલી એસ. એસ. પટેલ પી.ટી.સી. કોલેજની તાલીમાર્થીનીઓની તા. ૧૮મી ડિસેમ્બરથી ૩૧મી ડિસેમ્બર દરમિયાન ઈન્ટર્નશીપ કોલવડા ગામે યોજાઈ હતી. જેમાં કોલેજની ૫૦ તાલીમાર્થિનીઓએ રોજિંદા શિક્ષણ કાર્યમાં વિવિધ ટી.એલ.એમ. અને અવનવી શૈક્ષણિક મનોરંજક તથા જ્ઞાન સાથે ગમ્મતની પ્રવૃત્તિઓ યોજી શિક્ષણકાર્ય આગળ ધપાવ્યું હતું.

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન તેમજ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી ગાંધીનગર દ્વારા પી.ટી.સી. કોલેજની તાલીમાર્થિનીઓ માટે ૧૮ થી ૩૧મી ડિસેમ્બર દરમિયાન ઈન્ટર્નશીપ યોજાઈ હતી. એસ. એસ. પટેલ પી.ટી.સી. કોલેજની પ્રથમ વર્ષની ૭ અને દ્વિતીય વર્ષની ૪૩ તાલીમાર્થીનીઓએ કોલવડા ગામની ત્રણ શાળા અને સેક્ટર-૨૮ ગાંધીનગર શહેરની બે શાળા મળીને ચાર પ્રાથમિક શાળાઓમાં શિક્ષણ કાર્ય કરાવ્યું હતું. તાલીમાર્થિનીીએ બાળકોને વિવિધ ટી.એલ.એમ.ની મદદથી શિક્ષણ કાર્ય કરાવ્યું હતું. આ સાથે રોજ પ્રાર્થના કાર્યક્રમમાં વિવિધ પ્રાર્થનાઓ, સુવિચાર, બાળગીત, નાટક, જાણવા જેવું, ભજન, લોકગીત અને ઘડિયા ગાન કરાવ્યા હતા. બાળકોની સુશુપ્ત શક્તિઓ બહાર લાવવા રમતગમત પ્રવૃત્તિઓ પણ યોજાઈ હતી. સાદી દોડ, સ્લો સાયકલીંગ, સંગીત ખુરશી અને કોથળા દોડ યોજી હતી. સહ અભ્યાસિક પ્રવૃત્તિઓમાં સુલેખન, ચિત્ર સ્પર્ધા, એકપાત્રીય અભિનય, બાળગીત સ્પર્ધા, વર્ગ સુશોભન, શાળા સ્વચ્છતા જેવા કાર્યક્રમો કર્યા હતા. ઈન્ટર્નશીપનું સફળ આયોજન કોલેજના આચાર્ય કિરણબેનના માર્ગદર્શન હેઠળ થયું હતું.

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૭.૨૧

સૂર્યાસ્ત : ૬.૦૨

## તાપમાન

મહત્તમ : ૨૭.૨ ડિ.સે.

લઘુત્તમ : ૧૧.૦ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૭૭ ટકા ● સાંજે ૪૪ ટકા

## મનોરંજન

### સિટી પલ્સ

: સ્ક્રીન-૧ :
દબંગ-૨ : ૧૦.૧૫ (રાત્રે)

: સ્ક્રીન-૨ :
દબંગ-૨ : ૧૦.૦૦, ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

: સ્ક્રીન-૩ :
દબંગ-૨ : ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૯.૪૫

: સ્ક્રીન-૪ :
દબંગ-૨ : ૧૧.૩૦, ૨.૩૦, ૫.૩૦, ૮.૩૦

### સિને મેક્સ

: સ્ક્રીન-૧ :
જૅક રીચર ૨ડી(અંગ્રેજી) :૯.૩૦, ૧૨.૦૦, ૨.૩૦, ૫.૦૦, ૧૦.૦૦
લાઈફ ઑફ પાય ૩ડી(હિન્દી) : ૭.૩૦

: સ્ક્રીન-૨ :
દબંગ-૨ : ૯.૧૫, ૧૨.૦૦, ૨.૪૫, ૫.૩૦, ૮.૧૫

: સ્ક્રીન-૩ :
દબંગ-૨ : ૧૦.૦૦, ૧૨.૪૫, ૩.૩૦, ૬.૧૫, ૯.૦૦

: સ્ક્રીન-૪ :
દબંગ-૨ : ૧૧.૧૫, ૨.૦૦, ૪.૪૫, ૭.૩૦, ૧૦.૧૫

### સૂર્યા, વાવોલ

દબંગ-૨ : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
હું દિવાના તારા પ્રેમનો : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

### મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
દબંગ-૨: ૧૦.૪૫, ૧.૧૫, ૪.૧૫, ૭.૦૦, ૧૦.૦૦

: સ્ક્રીન-૨ :
દબંગ-૨ : ૧૨.૧૫, ૩.૧૫, ૬.૧૫, ૯.૧૫

### ચિરાગ, કલોલ

દબંગ-૨ : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

### આંબેડકર હોલ

- જિલ્લા મેનેજર ગુજરાત રાજ્ય અનુસૂચિત જાતિ વિકાસ કોર્પોરેશન ગાંધીનગર દ્વારા સામાન્ય સભાનું આયોજન બપોરે ૩.૦૦ કલાકે.

## આપની આજ

**મેષ** : કર્મક્ષેત્રમાં સામાજિ પ્રતિષ્ઠામાં વધારો સૂચવે છે. વિશેષ નિર્ણય દ્વારા ધન વૃદ્ધિનો વિશેષ યોગ. આર્થિક કાર્યોમાં સફળતા પ્રાપ્ત થવાની સંભાવના છે. ધાર્મિકક્ષેત્રે યાત્રા પ્રવાસનું આયોજન થઈ શકે છે.

**વૃષભ** : સામાજિક ક્ષેત્રોથી લાભ પ્રાપ્ત થઈ શકે છે. સાહિત્યકારો, કવિ વર્ગ અને કલાકારો માટે ભાગ્ય વૃદ્ધિનો સમય રહેશે. જળ ક્ષેત્રોની વિશેષ યાત્રાઓનું આયોજન થઈ શકે છે.

**મિથુન** : સંચિત ધન વૃદ્ધિનો યોગ. આપના કર્મક્ષેત્રમાં કોઈ શોધ દ્વારા સન્માન વૃદ્ધિ થવાનો યોગ બની રહ્યા છે. કર્મક્ષેત્રમાં ઉચ્ચસ્તરીય કાર્ય થઈ શકશે. ધાર્મિક ક્ષેત્રમાં વિશેષ યાત્રા.

**કર્ક** : સમસ્યાઓ પર વિશેષ ચિંતનનો યોગ. વિવાદિત આર્થિક પ્રકરણોને સંયમપૂર્વક ઉકેલવાથી યોગ્ય નિકાલ આવી શકશે. આર્થિકક્ષેત્રમાં નવા રોજગારી- વ્યાપાર સંબંધી કાર્યો થઈ શકશે.

**સિંહ** : કોઈ નામી વ્યક્તિથી મુલાકાત થશે. વ્યવસાયિક ભાગીદારી માટે ઉત્તમ સમય રહેશે. કલાત્મક કાર્યનો પ્રારંભ થશે. અપરણિતો માટે લગ્નનો યોગ બની રહ્યો છે. કુટુંબની સાથે મનોરંજનની તક મળશે.

**કન્યા** : જ્ઞાનવૃદ્ધિ માટે સ્વાધ્યાયમાં રુચિ વધશે. વેપાર સારો ચાલશે. અગત્યનું કાર્ય પૂર્ણ થવાથી પ્રસન્નતા થશે. માનસિક શાંતિ જાળવી રાખવી. સત્સંગમાં ભાગ લેવાનું થઈ શકે છે. ઘરમાં મહેમાન આવવાની સંભાવના છે.

**તુલા** : મિત્રોનો સહયોગ અને આશ્વાસન મળશે. સ્વયં આર્થિક સ્થિતિમાં બચત અને સારા વિનિયોજનની તક આવશે. પસંદગીદાર સ્થળ ઉપર તમે પ્રવાસ ખેડી શકશો. ગુસ્સા અને આવેશ પર સંયમ રાખવો.

**વૃશ્ચિક** : વ્યાપાર ક્ષેત્ર વિસ્તૃત થશે. ભૌતિક સુખની પ્રાપ્તિ થશે. સ્વાધ્યાયમાં રુચિ વધશે. આરોગ્ય પ્રતિ સતર્ક રહેવું. કર્મક્ષેત્ર સંબંધી સમસ્યાઓના નિરાકરણ હેતુ પ્રવાસ અને ભાગદોડ થવાની સંભાવના છે.

**ધન** : મહત્વકાંક્ષાઓ પ્રગતિ માટે પ્રેરિત કરશે. નિષ્ઠાથી કાર્ય કરતા રહો. ભાગ્યવર્ધક કાર્યોમાં સફળતા પ્રાપ્ત થઈ શકશે. આધ્યાત્મ સંબંધી કાર્યોમાં વિશેષ લાભ પ્રાપ્તિ થવાનો યોગ બની રહ્યો છે.

**મકર** : યાત્રા અને મનોવિનોદમાં સમય પસાર થશે. કર્મક્ષેત્રમાં ભાગ્યવર્ધક ઉચ્ચ પરિણામ પ્રાપ્ત થશે. ભૌતિક સુખ પ્રાપ્ત થવાનો યોગ છે. સામાજિક ક્ષેત્રોમાં માન- સમ્માન અને પ્રતિષ્ઠામાં વધારો થઈ શકશે.

**કુંભ** : સંગીત પ્રત્યે રુચિ વધશે. વેપાર-ધંધો સારો ચાલશે. આપમાં પ્રબળ આત્મવિશ્વાસથી મુશ્કેલ કાર્ય પણ સહેલાઈથી પાર પાડી શકો છો. વિશેષ કાર્ય માટે કરવામાં આવેલી દોડધામ લાભદાયી તથા સાર્થક સિદ્ધ થશે.

**મીન** : સંતાન તરફથી સુખદ સમાચાર મળશે. સુખ-સમૃદ્ધિ વધવાથી અનેક અટકેલા કાર્ય સમય પર પૂર્ણ થઈ શકશે. આર્થિક કાર્યોમાં વિશેષ ભાગ્યવર્ધક સફળતા પ્રાપ્ત થવાનો યોગ બની રહ્યો છે.

## ચિરવિદાય

- સ્વ.આકાશ ચંદ્રકાન્ત લેઉઆ (ઉ.વ. ૧૯)પ્લોટ નં. ૨૦૪/૨, સેકટર-૩/બી, ગાંધીનગર.
- સ્વ.કમલમ દેશબંધુ મુદલીયાર (ઉ.વ. ૬૫)પ્લોટ નં. ૫૨૬/૧, સેકટર-૪/બી, ગાંધીનગર.